ॐ

શ્રીયુત કુમારશ્રી

લાલસિંહજીભાઈ રાયસિંહજીભાઈ

ની પવિત્ર સેવામાં

સ્વસ્થાન વિરમગામ.

મહાશય,

આપ માન્યવર રાજકુલાવતંસના અનેક સદ્‌ગુણોથી આકર્ષાઈ અમો શ્રી કચ્છ કડવા પાટીદાર હિતવર્ધક મંડળના સભ્યો આપશ્રી પ્રત્યેનો અમારો ભક્તિભાવ આજે આ પ્રેમભર્યા આમંત્રણદ્વારા પ્રદર્શિત કરવાની રજા આપશો એવી આશા છે.

અમો કચ્છ કડવા પાટીદારો થોડાક વર્ષો પૂર્વે આપ ગુજરાતી બંધુઓથી સકારણ છુટા પડી, કચ્છ દેશમાં જઈ વસ્યા; પરંતુ જ્યારે ફરીને એકત્ર થવાનો પ્રસંગ આવતાં અ-[illegible] તમોએ સ્વિકારી લીધા છે તે જોતાં અમને ઘણોજ આનંદ અને સંતોષ ઉપજે છે.

ગુજરાતના જ્ઞાતિ સુધારાના ઈતિહાસમાં આપશ્રીનું નામ પ્રથમ પંક્તિમાં પદ ધરાવે છે, એટલુંજ નહિ, પરંતુ કેટલાક વર્ષો થયાં આપશ્રી બન્ને પક્ષોને જાગ્રતી લેઈ સમજાવટના સિદ્ધાંતપર આણવા જે સ્તુતિપાત્ર પરિશ્રમ લો છો, તેનું ઉત્તમ પરિણામ અમે માનીએ છીએ કે આપના પ્રયાસનેજ આભારી છે. જ્ઞાતિ હિતનું લક્ષ્ય ધ્યાનમાં રાખી, આવા જ્ઞાતિ સમસ્તના અઘરા પ્રશ્નોના ઉકેલ પાડવામાં આપશ્રી જે સુધારાપક્ષની સેવા બજાવે જાઓ છો તે ખરેખર આપની હિંમત અને કાળજી, અમો આશા રાખીએ છીએ કે, પ્રસ્તુત લગ્નસરાના જોખમ ભરેલા પણ સરળ થએલા પ્રશ્નના નિર્ણય સમયે, તેવાને તેવાજ સતેજ રાખશોજ. આપશ્રીની જ્ઞાતિ સેવાની ગણત્રી કરી તેનું ફરીફરી વખાણ કરવું એ આપે સ્વિકારેલા જ્ઞાતિ સેવાના માર્ગમાં ચલિત કરવા બરાબર છે. બાળપણથીજ આપ વિદ્યાપ્રિય છો છતાં કેળવણીનો ડોળ નહિ કરનારા, જન્મથી રાજગાદીનશીન હોવાછતાં, સાદાઈમાં રહી પરગજુ કાર્ય કરવાની ઉત્કંઠાવાળા શાસ્ત્રમાં પ્રવિણ હોવાછતાં નિરભિમાન, શાંતચિત્તથી વૃત્તિ ગાળનારા આપશ્રીના બીજા અનેક સદ્‌ગુણો અમને ઘણા ઘણા પ્રેમથી આપ પ્રત્યે આકર્ષાવે છે, તેનું આ નાનું સરખું પણ જ્વલંત સંભારણું સ્વિકાર કરી અમને આભારી કરશો.

છેવટમાં આપશ્રી જે માયાભરી લાગણીથી અમો કચ્છ પાટીદારોને આપનાજ ભાઈઓ તરીકે જોતા આવ્યા છો તેથી અમને ઘણો આનંદ થાય છે; અને આપની એ લાગણી દિન પ્રતિદિન વિશેષ અને વિશેષ તિવ્ર થતી જાઓ એવી નમ્ર વિનંતિ સહિત

અમો છીએ

આપના નમ્ર જ્ઞાતિ બંધુઓ,

ઘાટકૂપર	નારણજી રામજીભાઈ	વાલજી રામજીભાઈ
	રતનશી કરસનભાઈ	વિશ્રામભાઈ દેવજી
	નારણજી શીવજીભાઈ	રામજી જેઠાભાઈ
તા. ૧૯-૧-૨૦	લધાભાઈ વીરજી	વગેરે-

[illegible] પ્રેસ, [illegible] મુંબઈ ૨.